# ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર

સીધી રાજ્યકક્ષાની અંડર – 11 એથ્લેટિક્સ મીટ સિઝન 3.0, 2025

## જરૂરી, ખૂબ અગત્યની સૂચનાઓ

- આ સ્પર્ધા ત્રણ દિવસ 8, 9 અને 10 ફેબ્રુઆરી, 2025 દરમિયાન જ છે.
- તારીખ : 11/02/2025 ની ઈવેન્ટ તારીખ 09/02/2025 ના રોજ આયોજિત કરેલ છે. આ ફેરફારની નોંધ લેશો.
- ટુર્નામેન્ટ ગુજરાતમાં રહેતા ખેલાડીઓ માટે છે.
- અંડર 9 એટલે 01/01/2016 પછી જન્મેલા.
  - અંડર 11 એટલે 01/01/2014 પછી જન્મેલા.
- એક બાળક એક જ ઈવેન્ટમાં ભાગ લઈ શકશે એ ખાસ ધ્યાને રાખવું.
- તમને નીચે આપેલ/જણાવેલ સ્થળ ઉપર સ્પર્ધાના દિવસે સવારે 06:30 કલાકથી નીચે જણાવેલ મુજબ છાપેલા બે નંગમાં **ચેસ્ટ નંબર અપાશે** જે ખેલાડીએ આગળ-પાછળ લગાવવાના રહેશે.
- સ્પર્ધાના સ્થળે નીચે જણાવેલ સમય અનુસાર ખેલાડીએ અડધા કલાક પહેલાં કૉલ રૂમમાં ઉપસ્થિત થવાનું રહેશે.
- ઈવેન્ટની સૂચના માઈકમાં અપાતી રહેશે જે ધ્યાને રાખીને ભાગ લેવાનો રહેશે.
- જે માપન આંક અગાઉ જણાવેલા હતા તેનાથી **નીચેના આંકનું માપન** કરવામાં આવશે નહીં.
- બાળક ઈવેન્ટ **મુજબના ગણવેશમાં** આવે તે ઈચ્છનીય છે.
- એથ્લેટિક્સ મીટમાં સાથે આવનારને ટ્રેક પર અંદર જવાની પરવાનગી નથી .
- ટુર્નામેન્ટ સ્થળે રૂબરૂ આવો ત્યારે ફી ભર્યાની રસીદ/સ્ક્રીનશોટ પ્રિન્ટ તથા એક ફોટો, જન્મનું પ્રમાણપત્ર, શાળાનું બોનોફાઈડ સર્ટી અને આધાર કાર્ડ તથા બેન્કની વિગત માટે પાસબુક/ચેકની ઝેરોક્ષ વંચાય તેવી (સ્પષ્ટ)અવશ્ય સાથે લાવવાના રહેશે. અનિવાર્ય સંજોગોમાં બાળકનું ખાતું ન હોય તો પિતાના ખાતાની પાસબુક/ચેકની ઝેરોક્ષ લાવવી. વિજેતાએ બધી વિગત લખાવીને જવાનું રહેશે.
- બાળક ભણતું ન હોય તો બોનાફાઈડ વગર ચાલશે પરંતુ **જન્મનું પ્રમાણપત્ર અવશ્ય** જોઈશે.
- તમારા બાળકને સાથે આવનારનો **મોબાઈલ નંબર મોઢે હોવો જોઈએ અથવા તેને એક આઈ કાર્ડ** જેવું બનાવી આપવું જેમાં નામ, ફોન નંબર અને સરનામું હોય જે ગળામાં લટકાવી શકાય.
- પાણીની નાની બોટલ (લીંબુપાણી હોય તો વધારે સારું), હાથરૂમાલ સાથે આપવા હિતાવહ છે.

- ભાગ લીધેલ **પ્રતિભાગિઓ માટે જમવાની વ્યવસ્થા નિ:શુલ્ક કરવામાં આવશે** તથા **સાથે આવેલ વ્યક્તિએ સ્વખર્ચે ભોજન કરવાનું રહેશે,** જેની વ્યવસ્થાના ભાગરૂપે રજિસ્ટ્રેશન સમયે સવારે 9:00 વાગ્યા સુધીમાં શુલ્ક આપીને જમવાના પાસ ભોજન કાઉન્ટર પરથી મેળવી લેવાના રહેશે.
- આકસ્મિક સંજોગો કે **કુદરતી દુર્ઘટનાની જવાબદારી** ભાગ લેનાર **સ્પર્ધકની/વાલીની રહેશે,** જે માટે આયોજક સંસ્થા જવાબદાર રહેશે નહીં.
- ઈવેન્ટ પૂર્ણ થયા પછીના અઠવાડિયામાં ભાગ લેનાર સૌને રજિસ્ટર્ડ મોબાઈલ નંબર અથવા જન્મતારીખ દાખલ કરવાથી  ઓનલાઈન પ્રમાણપત્ર મળશે.
- સ્પર્ધા સ્થળે શિસ્ત અને **સંયમથી વર્તવાનું રહેશે** અને જે-તે સૂચનાઓનું પરિપૂર્ણ પાલન કરવાનું રહેશે.
- આયોજક સંસ્થાના વખતોવખતના નિયમોનું પાલન કરવાનું રહેશે.
- ટુર્નામેન્ટમાં આગલા દિવસે આવી ગયેલા સ્પર્ધકો અને તેના વાલીશ્રીઓને રાત્રી રોકાણ માટે દાદા ભગવાન સમાધિ સ્થાન ખાતે વ્યવસ્થા થઈ શકશે. જ્યાં સામાન્ય ફી ભરીને રોકાણ કરી શકો છો. અન્યથા આપ આપની અનુકૂળ સ્થાને રોકાણ કરી શકો છો. વ્યવસ્થાપકો દ્વારા અન્ય કોઈ વ્યવસ્થા કરેલ નથી.
  - રાત્રી રોકણ માટેનું સ્થળ: Near Kelanpur Village, Kelanpur, Dabhoi Road, Gujarat, India.
  - Google Map QR Code  :  →
  - સંપર્ક નંબર : જગદીશભાઈ અમીન – 7623978347
  -

| ક્રમ | કેટેગરી | સ્પર્ધા તારીખ | સ્પર્ધા સ્થળ |
|---|---|---|---|
| ૧ | અન્ડર ૧૧ બહેનો | ૦૮/૦૨/૨૦૨૫ ને શનિવાર | **માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ વડોદરા** Google Map QR Code : → |
| ૨ | અન્ડર ૯ ભાઈઓ અને બહેનો | ૦૯/૦૨/૨૦૨૫ ને રવિવાર | |
| ૩ | અન્ડર ૧૧ ભાઈઓ | ૧૦/૦૨/૨૦૨૫ ને સોમવાર | |

## ઈનામની વિગત

**સ્પર્ધા સ્થળે કુલ અગિયાર ઈવેન્ટમાં  ટોપ ટેનને (૪૪૦ ખેલાડી) ભાઈ-બહેનને ઈનામ તથા પ્રમાણપત્ર  મળશે.**

| ક્રમાંક | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઈનામ | ૬૧૦૦/- | ૫૧૦૦/- | ૩૫૦૦/- | ૨૫૦૦/- | ૨૧૦૦/- | ૧૬૦૦/- | ૧૩૦૦/- | ૧૧૦૦/- | ૯૦૦/- | ૮૦૦/- |